# પ્રેરણા વિદ્યાલય દ્વારા આજે શહેરની પહેલી બાળ રથયાત્રા

## પ્રેરણા વિદ્યાલય દ્વારા આયોજિત આ વિશેષ રથયાત્રા સવારે ૮.૩૦થી ૧૨.૩૦ દરમિયાન સૅક્ટર-૫,૪ અને ૩માં ફરશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં રથયાત્રાનો ચાલ જૂનો છે, પરંતુ શહેરનાં ગણતરીનાં સૅક્ટર એવાં છે જેમને રથયાત્રાનો લાભ મળતો નથી. અલબત્ત, હવે આ સૅક્ટર્સને પણ રથયાત્રાનો લાભ મળી રહે એવી સ્થિતિનું નિર્માણ થયું છે.

સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા સૅક્ટર-૩, ૪ અને ૫ માટે રથયાત્રાનું આયોજન શનિવાર, તા. ૨૪ જૂનના રોજ કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ જણાવ્યું છે કે પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ ખાતેથી આ રથયાત્રા સવારે ૮.૩૦ કલાકે પ્રસ્થાન કરશે. સૅક્ટર-૫ એ, ડી, બી થઈ સૅક્ટર-૪ ડીમાં પ્રવેશી રીંગ રોડ ફરી સૅક્ટર-૩માં પ્રવેશ કરશે અને સૅક્ટર-૩માં રિંગ રોડ પરથી ફરી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધીમાં પ્રેરણા વિદ્યાલય ખાતે પરત ફરશે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૭ના નગરસેવક જયરાજસિંહ વાઘેલા, હિરલબેન જોષી, ઊર્મિલાબેન વર્મા અને રાકેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. તેમના હસ્તે રથયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવશે.

નગરના સૌ ભાવિકો, નાગરિકોને વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ અનોખી રથયાત્રાનો લાભ લેવા અને રથયાત્રામાં જોડાવા માટે પ્રેરણા વિદ્યાલય પરિવાર વતી તેમણે હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# એસ. જી. પ્રાથમિક શાળા દ્વારા ફ્રી ધ ટ્રી ડ્રાઇવ આયોજિત થયો



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ગુરુવારના રોજ ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ફ્રી ધ ટ્રી ડ્રાઈવ પ્રવૃતિનું આયોજન કરી તેમનામાં વૃક્ષોનાં સંરક્ષણ બાબતે જાગૃતિ આણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ સેક્ટર-૨ ૩માં શાળાની આજુબાજુનાં વૃક્ષો પરની ખીલીઓ, બિનજરૂરી જાહેરાતો હટાવી વૃક્ષોના સંરક્ષણનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો.

# સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા આજે સંસ્કૃતોત્સવનું આયોજન

## ઉત્સવ સાંજે ૬ કલાકે એચ ટી પારેખ હૉલ, અમદાવાદ મૅનેજમૅન્ટ ઍસોસિએશન, વસ્ત્રાપુર ખાતે યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ વર્ષ અષાઢાસ્ય પ્રથમ દિવસે 'સંસ્કૃતોત્સવ' નામક કાર્યકમ આયોજીત કરાય છે. જેમાં વેદશાસ્ત્ર પંડિત સન્માન, તથા સંસ્કૃતભાષી કુટુંબને સન્માન કરવામાં આવશે. પદ્મશ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીના મુખ્ય અતિથિ પદે કાર્યક્રમમાં યજુર્વેદ પંડિત ડૉ. નરેશ ભટ્ટ, અથર્વવેદ, ઋગ્વેદ પંડિત ડૉ. કપિલદેવ શાસ્ત્રી તથા શાસ્ત્ર પંડિત મેહુલકુમાર ભટ્ટનું સન્માન કરાશે. આ પ્રસંગે ખુશબૂ (જાહ્નવી) કતિરા, વેરાવળનું સંસ્કૃત કુટુંબ તરીકે સન્માન કરાશે. વર્ષ -૨૦૧૭નો 'સંસ્કૃતોત્સવ' કાર્યક્રમ તા. ૨૪ જૂન ને શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, એચ.ટી. પારેખ હોલ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે આયોજીત કરવામાં આવ્યો છે. જેમાં ઉપસથિત રહેવા તથા સન્માન મેળવનાર પંડિતોના સન્માનમાં સહભાગી થવા સાહિત્ય પ્રેમી અને રસિકોને અકાદમી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### નશાબંધી અને આબકારી વિભાગ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે

# વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક સેમીનાર યોજાયો



ગુજરાત સરકાર તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલય ના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨ ૩ના કેમ્પસ ખાતે કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો માટે નશાથી સમાજને તેમજ યુવાનો ને વ્યક્તિગત રીતે થતા પારાવાર નુકશાન બાબતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યકર્મ કડી સર્વ વિશ્વવિદ્યાલય ના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ.એમ પટેલના માર્ગદશન હેઠળ બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તેમજ કોલેજ પરિવાર દ્વારા આયોજિત થયો હતો. આ પ્રસંગે નશાબંધી અને આબકારી વિભાગ ગુજરાત સરકારના ડાયરેક્ટર સુનીલકુમાર તેમજ અતિથીવિશેષ તરીકે સર્વવિદ્યાલય કેળવણીમંડળ, ગાંધીનગર ના ચેરમેન ડો. કનુભાઈ ડી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકારના વિભાગીય ડાયરેક્ટર સુનીલકુમાર દ્વારા વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ડો.કનુભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નશાથી સર્જાતી સામાજિક તેમજ પારિવારિક સમસ્યાઓ બાબતે જાગૃત કરવા કાર્યક્રમ કરવા પડે તેને સમાજ માટે પડકારરૂપ પરિસ્થિતિ ગણાવી હતી. નશાબંધી આબકારી વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર એસ.ડી.પટેલ તેમજ એસ.જી.દેસાઈ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તજજ્ઞોએ વિડીયો તેમજ પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને અનેક મુદ્દાઓની ઉપયોગી જાણકારી આપી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને નશાબંધી માટે જનજાગૃતિ ફેલાવવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

### ત્રિપદા પરિવાર દ્વારા

# પશ્ચિમ અમદાવાદમાં રવિવારે ૫૦મી બાળ રથયાત્રા

ગાંધીનગર, તા. ૨૩

'ત્રિપદા પરિવાર દ્વારા અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં ૧૯૬૮થી શરૂ કરવામાં આવેલી બાળ રથયાત્રા ૫૦મા વર્ષમાં પ્રવેશી રહી છે. વર્ષ ૨૦૧૭ની રથયાત્રા ખૂબ જ અનોખી રીતે ઉજવાઈ રહી છે, જેમાં અમદાવાદના પ્રતિષ્ઠિત એવા ૧૫ વ્યક્તિઓ અને નામાંકિત સંસ્થાઓ સહભાગી થઈ છે. તા. ૨૫મી જૂન અષાઢી બીજના દિવસે સવારે ૬:૩૦ કલાકે ત્રિપદા પરિવાર અને પશ્ચિમ વિસ્તારના શ્રદ્ધાળુઓ દ્વારા ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાની મહાઆરતી કર્યા બાદ ૭ કલાકે રથયાત્રાનું પ્રસ્થાન નિલકંઠ મહાદેવથી કરવામાં આવશે.' 'આ રથયાત્રા નીલકંઠ મહાદેવ થઈ મેનારવા હોલ, કે.કે.નગર રોડ,વીર ડેરી રન્નાપાર્ક, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, મીરાંઅંબિકા સ્કૂલ, અંકુર, પ્રગતિનગર, ત્રિપદા ડે સ્કૂલ, ત્રિપદા ઈન્ટરનેશનલ સ્કૂલ થઈ નીજ મુકામે ૧૨ કલાકે પરત આવશે.' આ રથયાત્રામાં ત્રિપદા સ્કૂલ પરિવારના સભ્યો સહિત ૨૮૦૦ વિદ્યાર્થિઓ આ રથયાત્રાનું સંપૂર્ણ સંચાલન કરશે. આ રથયાત્રામાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના રથ સાથે ૧૦ શણગારેલા ટ્રક, પાંચ ટ્રેક્ટર, પાંચ ઊંટલારી સાથે ત્રિપદા સ્કૂલના વિદ્યાર્થીઓનું બેન્ડ સામેલ થશે. ત્રિપદા સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા બાળ રથયાત્રાના રૂટમાં ગરબા, યોગા, જુડો-કરાટે, મલખમ જેવા કરતબો કરાશે. પશ્ચિમ વિસ્તારમાં નીકળતી ત્રિપદા સ્કૂલની બાળયાત્રાના માર્ગે દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓને ત્રિપદા પરિવાર તરફથી ૨૦૦ કિલો પ્રસાદની વહેંચણી કરવામાં આવશે. જેમાં ૮૦ કિલો મગ, ૬૦ કિલો જાંબુ અને ૬૦ કિલો કાકડીનો સમાવેશ થાય છે.

શનિવારે ૨૪મી જૂનના રોજ ત્રિપદા સ્કૂલના પ્રાંગણમાં રાતે ૮:૩૦ કલાકે પ.પૂ. શ્રી ભાગવત ઋષિજી દ્વારા પ્રાસંગિક સત્સંગ કરવામાં આવશે. ૯.૩૦ કલાકે મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે. ત્યારબાદ રાત્રે ૧૦:૩૦ કલાકે શ્રી કૃષ્ણ ભજન મંડળ, ભાનેર કઠલાલના ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે, જેમાં અગ્રણી સંતો ઉપસ્થિત રહેશે.



શ્રી આદેશ્વર એજ્યુકેશન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વેજલપુરના શાંતિનાથ એપાર્ટમેન્ટ ખાતે ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી આદેશ્વર એજ્યુકેશન પબ્લિક ચેરીટેબલના ટ્રસ્ટી લખનભાઈ ચુડાસમા, રસિકભાઈ ધનજીભાઈ વોરા, અતુલભાઈ શાહ, પ્રવિણભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે શ્રી આદેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા છેલ્લાં સાત વર્ષથી સતત આ સેવાપ્રવૃત્તિ કરવામાં આવી રહી છે, જેનો લાભ સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ રહ્યો છે.

## ડાયરેક્ટ ❤ સે

મુશ્કેલી તો એ છે કે મારો અને તમારો ધર્મ ઘેરથી નીકળીએ ત્યારે શરૂ થાય છે ને મંદિરે પહોંચીએ ત્યારે પૂરો થઈ જાય છે.

આપણો ધર્મ મંદિરથી શરૂ થાય અને આખા દિવસમાં કામ પતાવી રાત્રે ઘેર આવીએ ત્યારે પૂરો થાય તો કેવું સારું!

## જન્મદિને વધામણી



**બળવંતરાય જેઠાલાલ શુક્લ**
પૂર્વ આચાર્ય, ચેરમેન, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩
મો. ૯૮૨૪૫ ૬૬૯૬૮



**તુષારકુમાર બાબુલાલ શ્રીમાળી**



**હાર્દિક સંજયકુમાર શાહ**
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# શિવરંજનીનો સ્વરોત્સવ : આસિત-હેમા-આલાપ કરી ગયા એ કમાલ અહીં રહેશે

છેલ્લાં ત્રણેક વર્ષથી શિવરંજની દ્વારા આ 'સ્વરોત્સવ'નું આયોજન કરવામાં આવે છે . આ વર્ષના સંસ્થાના આ પ્રથમ કાર્યક્રમ-'સ્વરોત્સવ'માં પ્રથમ દિવસ હતો 'સૂર પૂરાવે દિલની ધડકન'નો... અને સાચે જ દિલની ધડકનને સૂર પૂરાવા મજબૂર કરે એવા ગાયકો હતા. અસિત દેસાઈ, હેમા દેસાઈ અને આલાપ દેસાઈ. સુંદર પ્રભાવી શ્લોકગાનથી કાર્યક્રમની શરૂઆત બાદ એકથી એક ચઢિયાતી રચનાઓનો દોર ચાલતો રહ્યો.

કાર્યક્રમની શરૂઆતમાં સુંદર ભક્તિ રચનાઓની ત્રણેય ગાયકો દ્વારા પ્રસ્તુતી થઈ.

'એક તંબુરનો તાર, બીજી તાતી તલવાર
એક જ વજમાંથી બેઉ ઉપજ્યાં...'
'સાચી પ્રિત શેવાળની, જે જળ સૂકે એ સુકાય,
આ માંહ્યલો તો હંસલો સ્વાર્થી કે જળ સૂકે ઉડી જાય...'
'ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની...'

હેમાબેન દ્વારા પ્રસ્તુત થયું 'નારાયણનું નામ જ લેતાં...'

રામસભામાં અમે રમવાને ગ્યા'તાં ની સુંદર પ્રસ્તુતિ આલાપ દેસાઈ દ્વારા કરવામાં આવી.

હેમાબેનેપોતે ગાયકી ઉપરાંત કાર્યક્રમના સંચાલનની જવાબદારી પણ બખૂબી નિભાવી. સાહિત્ય સમૃદ્ધિથી છલોછલ ટૂંકી અને રસપ્રદ વાતો તેમણે પોતાના સંચાલનમાં આવરી લીધી હતી. તેમના દ્વારા ગુજરાતી ભાષાની આગવી ઓળખની સુંદર વાત સાથે અંકિત ત્રિવેદીના શબ્દો અને ગૌરાંગ વ્યાસના સ્વરાંકનમાં ગૂંથાયેલી ખૂબ જાણીતી અને માનીતી રચના 'સાત સૂરોના સરનામે અમે તમને મળવા આવ્યા...'ની પ્રસ્તુતિ ખૂબ અસરકારક રહી.



કવિ હરિન્દ્રભાઈને 'કાવ્યનું ઋજુ નામ' એવા વિશેષણથી નવાજતાં એમની રચનાઓમાં પ્રેમની કોમળતા-ઋજુતાનો અહેસાસ કરાવતાં કહ્યું કે, જાણે 'કમળની પાંદડી ઉપર ઝાકળથી લખેલું ઉપનિષદ'

પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરાંકનમાં સ્વરબદ્ધ થયેલી પ્રેમની પ્રતિતિ સ્વરૂપ ખૂબ કોમળ-સુંદર ગુજરાતી રચના-'પાન લીલું જોયુંને તમે યાદ આવ્યાં...' હેમાબેનના કંઠે ગવાયું ત્યારે દરેક શ્રોતા પોતે પણ આ ગીતનો ભાગ બની ગીત ગણગણી રહ્યાં.

બરકત વિરાણીની રચના- એક રાજા હતો, એક રાણી હતી, એ તો તારીને મારી કહાણી હતી...ની સુંદર પ્રસ્તુતિ બાદ સીધી-સાદી બોલચાલની ભાષામાં લખાયેલ કવિ ખલીલ ધનતેજવીની રચના જેનું સ્વરાંકન આલાપ દેસાઈ દ્વારા અને રજૂઆત પણ તેમના કંઠે થઈ ત્યારે તેની હલક અને પ્રત્યેક શેર શ્રોતાઓની દાદ મેળવી ગયા -

'ક્યાંક મળો તો પૂછી લેજો બીજું શું,
તબિયત-બબિયત પૂછી લેજો બીજું શું'
'પરસેવાની સોડમ લઈને પત્ર લખું છું,
અત્તર છાંટી વાંચી લેજો બીજું શું'
'આજે અમને દાદ ન આપો કાંઈ નહીં
આજે અમને સાંખી લેજો બીજું શું'

મૂળ હર્ષિદાબેન રાવળ અને જનુભાઈ દ્વારા ગવાયેલ કવિ બાલમુકુંદ દવેના શબ્દોઅને ક્ષેમુ દિવેટીયા દ્વારા સ્વરાંકિત 'કેવાં રે' મળેલાં મનના મેળ... રૂદિયાના રાજા, બાદ બકુલ ત્રિપાઠીની રચના 'ઘંટડીયું રણકીને રાધાજી ટહુક્યા'ની સુંદર પ્રસ્તુતિ થઈ. આસિતભાઈના સ્વરાંકનની રચના 'રહસ્યોના પરદાઓ ફાડી તો જો, ખુદા છે કે નહીં હાક મારી તો જો....'ની આલાપભાઈ દ્વારા ગીતના મિજાજને નિખારતી પ્રસ્તુતિ સમગ્ર વાતાવરણમાં સ્પંદન જગાવનાર બની રહી.

ગુજરાતી સંગીત જગતમાં જેણે ૫૦ વર્ષ ઉજવીને પણ પોતાનું મોખરાનું સ્થાન જાળવી રહ્યું છે એવી રચના 'તારી આંખનો અફીણી...' આસિત-હેમા દ્વારા પ્રસ્તુત થયું, ત્યારબાદ જાણીતી રચનાઓની એક પછી એક પ્રસ્તુતિમાં આલાપભાઈ દ્વારા 'નયનને બંધ રાખીને ...' હેમાબેન દ્વારા 'છાનું રે છપનું કંઈ થાય નહીં...', 'ઉંચી તલાવડીની કોર પાણી ગ્યાતાં...' રજૂ થયું.

રમેશ પારેખને 'મેઘધનુષ ગળી ગયેલો કાંચિડો' ગણાવતા એમના વ્યક્તિત્વ અને કાવ્યોની ખૂબ રસપ્રદ વાતો થઈ ત્યારે રમેશ પારેખના એક લીટીના કાવ્યનો ઉલ્લેખ ચોક્કસ અહીં ટાંકવાનું મન થાય... 'જવું હતું કાશીએ, ચાલવા ન દીધાં કપાસીએ' આવા ગુજરાતી સાહિત્યની ધરોહર એવા કવિની ખૂબ જાણીતી રચના જેને 'નસીબની બલિહારી' ફિલ્મમાં પણ સ્થાન મળ્યું...' 'સાંવરિયો રે મારો સાંવરિયો...' હેમાબેન દ્વારા પ્રસ્તુત થયું. ગનીભાઈ દહીંવાલા લિખિત, પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય દ્વારા સ્વરાંકિત ગઝલ 'દિવસો જુદાઈના જાય છે'ની આવકારદાયી પ્રસ્તુતિ થઈ.

વૃદ્ધત્વની શાબ્દિક ઉજવણી શ્રોતાઓની વાહ-વાઈ મેળવી ગઈ... શબ્દો હતા 'વૃદ્ધ થવું એટલે ખરેખર તો વૃદ્ધિ પામવું...' વિકસવું.... વિસ્તરવું... વિલસવું અને અંતે વિરમવું...

'ડોસા થવું એ વિકૃતિ છે, સફેદી એ પવિત્ર છે' એવી અનેક સુંદર વિચારોની શબ્દોની લ્હાણી જેવી વાતો બાદ અવિનાશજીની જાણીતી રચના 'કહું છું જવાનીને પાછી વળી જા'ની આલાપભાઈ દ્વારા સુંદર પ્રસ્તુતિ થઈ. કવિ હિતેન આનંદપરા અને સ્વરકાર મૂકેશ જોષીની બેલડીની ઘણી માહિતીસભર વાતો સાથે અવિનાશ વ્યાસની રચના - 'મારી વેણીમાં ચાર-ચાર ફૂલ, અંબોલડે સોહે સોહામણી...'ની ખૂબ ભાવવાહી રજૂઆત વાતાવરણને સુંદર શૃંગારિકતાબક્ષી ત્યારબાદ અવિનાશભાઈ અને તેમની સુંદર રચનાઓની વાતો સાથે ખૂબ લોકપ્રિય રચના હૂતૂતૂતૂ પ્રસ્તુત થઈ.

કાર્યક્રમના અંતિમ ચરણમાં... 'મન મોર બની થનગાટ કરે...', 'રાજ મને લાગ્યો કસુંબીનો રંગ...'ની પ્રસ્તુતિ શ્રોતાઓએ ખૂબ વધાવી.

સ્ટેજ પર ઉપસ્થિત વાદકવૃંદમાં અમિત ઠક્કરની ઉપસ્થિતિ નોંધનીય રહી. હંમેશાની જેમ એમની વિશેષ આકર્ષણ જેવી સંગીત પ્રસ્તુતિએ સૌને મોજ કરાવી. સુરીલા સંગીતના રસથાળ જેવા આ કાર્યક્રમ દ્વારા સ્વરોત્સવના પ્રથમ દિવસનું સમાપન થયું ત્યારે કલાકારોના એ શબ્દો ખૂબ યથાર્થ હતા. 'અમે તો જઈશું અહીંથી, કરી ગયાએ કમાલ અહીં રહેશે...'

- મમતા રાવલ

# વિવિધ કોર્સીસમાં પ્રવેશ માટે દિવ્યાંગોની પાંચ ટકા બેઠકો અનામત

ગાંધીનગર, તા. ૨૩

પ્રોફેશનલ ટેકનિકલ શિક્ષણ આપતી તમામ સંસ્થાઓમાં રાઈટ ઓફ પર્સન વીથ ડીસેબીલીટી એક્ટ ૨૦૧૬ અંતર્ગત ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તમામ કોર્સમાં દિવ્યાંગજનો માટે પાંચ ટકા બેઠકો અનમાત રાખવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી, ફાર્મસી, એમબીએ-એમસીએ સહિતના તમામ કોર્સમાં લાગુ પડશે. એટલે કે હવે કોઈપણ પ્રકારની શારીરિક ખોડખાંપણ ધરાવતાં હોય તેવા વિદ્યાર્થીઓ દિવ્યાંગજનોની કેટેગરીમાં પ્રવેશ માટે ફોર્મ ભરીને પ્રવેશ લઈ શકશે. અત્યાર સુધી પીએચ કેટેગરીમા ૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવતી હતી. હવે આ બેઠકો વધારીને પાંચ ટકા કરવાનો નિર્ણય કરાયો છે. હાલમાં ડિગ્રી ઈજનેરી સહિતના કોર્સમાં પ્રવેશ માટે કાર્યવાહી ચાલી રહી છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે સરકાર દ્વારા કરાયેલી જોગવાઈનો ચાલુ વર્ષથી જ અમલ કરવામાં આવશે. દિવ્યાંગજનો માટે પાંચ ટકા બેઠકો અનામત રાખવાની વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ટ્યુબલાઈટ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
ટ્યુબલાઈટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
રાબતા
૧૨.૪૫
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
૯.૩૦

**સ્ક્રીન-૫**
ટ્યુબલાઈટ
૧૧.૩૦, ૨.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૬**
ટ્યુબલાઈટ
૫.૩૦
હિન્દી મીડિયમ
સવારે ૧૦.૦૦
રાબતા
૧૨.૪૫